<u>મહે. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સુરતમાં, મુ.સુરત.</u>

ફોજદારી કેસ નં-૯૩૨૨/૨૦૨૫

આંકઃ ૦૪

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ અવિનાશ સંતોષ સોનવણે

<u>ગુનોઃ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧ મુજબ.</u>

## -// ચુકાદો //-

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરેઆમ માર્ગમાં પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લોકોની જીંદગી જોખમાય તેવી રીતે બેદરકારીપુર્વક ચલાવી લાવી, ગફલતભરી રીતે હંકારી લાવી ગુનો કરતા તે બાબતની ફરીયાદ સલાબતપુરા પો.સ્ટે.માં બી ગુના રજી. નં.૧૧૨૧૦૦૫૫૨૪૧૭૯૦/૨૦૨૪, <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧</u> મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**૨.** આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબૂલ કરવા માંગતા હોવાનું જાહેર કરી પુરસીસ રજૂ કરેલ, જે સંદર્ભે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબૂલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબૂલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પૂછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભૂલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતાં ન્યાયના હીતમાં આરોપીની કબૂલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### <u>-ઃ હુકમ ઃ-</u>

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૫ અન્વયે <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧</u> મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવી આરોપીને રૂ.૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પૂરા)નો દંડ દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો તેમને દિન-૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી પાસેથી દંડ પેટે કુલે રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચ સો પુરા) વસુલ લેવા. હુકમ આજરોજ તા. ૦૮-૦૩-૨૦૨૫ ના રોજ સ્પે.સિટિંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ સુરત.
તા. ૦૮-૦૩-૨૦૨૫

(એન.જી.પરમાર)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સુરત.
Unique Id.-GJ00869